ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની સીધા ધીરાણની યોજના (મહિલા સમૃદ્ધિ યોજના/માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજના) હેઠળ અપાતાં ધિરાણમાં સરળીકરણ અને એકસુત્રતા લાવવા અંગે....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૨૪૩૯૦૮/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૭/૧૦/૨૦૧૬.

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૨/૦૭/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૯/૧૧૯૬/ગ.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:03/0૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:SCW/૧૦૫૧/૧૮૨૭૯૭/ગ.

૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૮/૦૫/૨૦૧૬નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૪ ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો તા:૧૪/૦૭/૨૦૧૬નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૬/૨૫૪૭-૪૮.

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:૧ પરના તા:૦૨/૦૭/૨૦૦૯ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળના નિગમોની સીધી ધિરાણની યોજના હેઠળ અપાતા ધિરાણમાં સરળીકરણ અને એકસુત્રતા લાવવા જરૂરી જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના તા:03/0૬/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-૩ પરના તા:૧૮/૦૫/૨૦૧૬ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના લાભાર્થીઓ માટેની મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજનામાં ધીરાણની મર્યાદા રૂ.૫૦,૦૦૦/- થતાં જામીનદારમાંથી મુક્તિ આપવામાં આવેલ છે, જેનાં બદલે ફકત ૫(પાંચ) પોસ્ટ ડેઈટેડ ચેક લઈ ધિરાણ આપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે.

ઉક્ત જોગવાઈ ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની યોજનાઓમાં પણ લાગુ કરવા માટે ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: ૩ પરના તા:૧૪/૦૭/૨૦૧૬ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નિગમ હેઠળ ચાલતી મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજનાનાં ધીરાણ માટે (ધીરાણની મર્યાદા રૂ.૫૦,૦૦૦/- સુધી) જામીનદાર રાખવામાંથી મુક્તિ આપવામાં આવે છે. ઉક્ત યોજનામાં હવેથી ફકત લાભાર્થીના નામના ૫ (પાંચ) પોસ્ટ ડેઈટેડ એકાઉન્ટ પેઈ ક્રોસ ચેક લઈ ધિરાણ કરવાની દરખાસ્તને આથી મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:૧ પરના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૦/૧૦/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ - શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.